# આકાશવાણી –ભુજ

**સમાચાર વાચક: વિરલ રાણા**

**કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર**

**તારીખ :30-૧૧-૨૦૨૪ શનિવાર સમય: સાંજે : ૬:૨૫**

## ગુજરત સરકાર - ગ્રેજ્યુઈટી વધારો

ગુજરાત સરકાર નો કર્મચારી હિતલક્ષી વધુ એક નિર્ણય.. રાજ્યના કર્મચારી અને અધિકારીઓ માટે નિવૃત્તિ ગ્રેજ્યુઈટી અને અવસાન ગ્રેજ્યુઈટીની મહત્તમ મર્યાદામાં 25% નો વધારો. હવે રૂપિયા 20 લાખના બદલે 25 લાખ મળશે.1 જાન્યુઆરી 2024 પછી વય નિવૃત્ત થતા કર્મચારી-અધિકારીઓને મળશે લાભ.આ નિર્ણયના પરિણામ રાજ્ય સરકાર પર ૫૩.૧૫ કરોડ નું ભારણ આવશે.

RNU AHMDAVAD

---

## કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે રાજ્યની એક દિવસની મુલાકાત અંતર્ગત સુરત ના કીમ આવ્યા આવ્યા હતા. તેઓએ બુલેટ ટ્રેન ટ્રેક સ્લેબ મેન્યુફેકચરિંગ ફેકટરીની મુલાકાત લઇને અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. તેઓ લોકાદરાના પ્લાસર ઇન્ડિયા ફેકટરીની મુલાકાત લીધી.વડોદરામાં ગતિશક્તિ યુનિવર્સિટીના બીજા પદવીદાન સમારોહમાં શ્રી વૈષ્ણવ તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ની ઉપસ્થિત રહ્યા.

વિરલ રાણા

---

## બુક ફેસ્ટીવલ ૨૦૨૪ - CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ રિવરફ્રન્ટ  ખાતે ભારત સરકારના શિક્ષા મંત્રાલય અને નેશનલ બુક ટ્રસ્ટના સહયોગથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત 'અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-૨૦૨૪'નો પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં વિદ્યાર્થીઓને 'સમૃદ્ધ ભારત માટેના પાંચ વચન'નાં પ્રમાણપત્ર તેમજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા લિખિત બુક 'એક્ઝામ વોરિયર્સ' બાળકોને આપવામાં આવી હતી.

હેરિટેજ સિટી અમદાવાદને સાહિત્ય અને પુસ્તક પ્રકાશન ક્ષેત્રે વિશ્વ ફલક પર પહોંચાડવાના ઉદ્દેશ સાથે વાંચે ગુજરાત ૨.૦ અંતર્ગત 30 નવેમ્બરથી ૮મી ડિસેમ્બર સુધી રિવરફ્રન્ટ ઇવેન્ટ સેન્ટર, પાલડી ખાતે 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ' યોજાશે.

વિરલ રાણા

---

## ખેડૂતરજીસ્ટ્રેશન પુન: શરૂ

રાજ્યમાં એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ખેડૂત ખાતેદારના જમીન દસ્તાવેજને આધાર સાથે યુનિક આઈ.ડી સાથે લીંક કરવા માટે નોંધણી માટે જે ખામી સર્જાઇ હતી, તે ખામી હવે દૂર થતા ફરી નોંધણી પ્રક્રિયા શરૂ થઇ છે. અત્યાર સુધીમાં રાજ્યના ૧૧ લાખ ૫૭ હજારથી વધુ ખેડૂતોએ ફાર્મર રજીસ્ટ્રી પૂર્ણ કરી છે. પરિણામે ગુજરાત સમગ્ર દેશમાં ફાર્મર રજીસ્ટ્રીમાં પ્રથમ ક્રમે છે.

કેન્દ્ર સરકારની સૂચના અનુસાર એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ગુજરાતના તમામ ખેડૂતોની ફાર્મર રજીસ્ટ્રી 25મી માર્ચ ૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરાયું છે.

વિરલ રાણા

---

## ઘોરાડ સંરક્ષણ - સમિતિ - મુલાકાતે

કચ્છમાં જોવા મળતા ઘોરાડના સંરક્ષણ અને સંવર્ધન માટે સર્વોચ્ચ અદાલતે રચેલી નિષ્ણાત સમિતિ ચાર દિવસના કચ્છ પ્રવાસે આવશે. અગાઉ આ સમિતિએ રાજસ્થાનની મુલાકાત લીધી હતી.

કચ્છમાં પાવર લાઇનો ભૂગર્ભમાં પાથરવા ક્ષેત્રો સૂચવી શકાય અને સ્ટેકહોલ્ડર સાથે ચર્ચા થાય તે માટે, નિર્ધારીત બેઠકોનો દોર યોજવામાં આવશે. આ સમિતિ આવતીકાલે ભુજ આવશે. ગુજરાતમાં માત્ર ઘોરાડ મુદ્દે સર્વોચ્ચ અદાલતના નિર્દેશ બાદ આ મુલાકાત નક્કી કરાઈ છે.

વિરલ રાણા

---

## સાંસદ દિશા કમિટી બેઠક

સાંસદ વિનોદ ચાવડાના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ભુજ ખાતે દિશા કમિટીની બેઠક મળી હતી.વિવિધ સરકારી વિભાગ અંતર્ગત ચાલતા વિકાસ કામોની સમીક્ષા સાથે સમયમર્યાદામાં કામો પૂર્ણ કરવા સાંસદ દ્વારા તાકીદ કરાઇ. આ ધારાસભ્યો દ્વારા બેંક, રેલવે, પોસ્ટ, રોડ, ટોલનાકા,પાણી સહિતના મુદે વિવિધ પ્રશ્નો રજૂ કરાયા.

વિરલ રાણા

---

## અંજાર- "પા પા પગલી" - ભૂલકાં મેળો

કચ્છ જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને તથા ધારાસભ્ય ત્રિકમ છાંગાની વિશેષ ઉપસ્થિતિમાં અંજાર ટાઉનહોલ ખાતે સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત "પા પા પગલી" પ્રોજેક્ટ હેઠળ ભૂલકાં મેળો 3.0 યોજાયો હતો.

ભુલકાં મેળામાં Low Cost Teaching Learning Materials ની પ્રદર્શની અને સ્પર્ધા યોજવામાં આવી હતી. આ પ્રસંગે આંગણવાડીમાં આવતા બાળકો દ્વારા પૂર્વ પ્રાથમિક શિક્ષણની ૧૭ થીમ આધારિત કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ ભૂલકાં મેળામાં વિજેતા થયેલી કૃતિઓ હવે રાજકોટ ખાતે ઝોન કક્ષાના ભૂલકાં મેળામાં રજૂ કરાશે. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં બાળકોના વાલીઓ તથા આમ નાગરિકોએ ઉત્સાહભેર હાજરી આપી હતી.

---

NP/વિરલ રાણા

---

## અમદાવાદ ધોરડો બસ સેવા

ગુજરાત રાજ્ય માર્ગ અને પરિવહન નિગમ દ્વારા  અમદાવાદ એરપોર્ટ થી કચ્છ ના ધોરડો સુધી બસ સેવા શરૂ કરવામાં આવી છે આ સેવા વિદેશ અને દેશના અન્ય રાજ્યમાંથી હવાઈ માર્ગે અમદાવાદ પહોંચતા પ્રવાસીઓ સરળતા થી ધોરડો પહોંચી શકે તે માટે શરૂ કરવામાં આવી છે.

અમદાવાદ એરપોર્ટ થી દૈનિક ધોરણે ચાલનારી આ બસ અમદાવાદ એરપોર્ટના આંતરરાષ્ટ્રીય ટર્મિનલ થી દરરોજ સવારે 6:00 કલાકે ઉપડશે ધોરડો થી મધરાતે ૧૨ કલાકે  પરત જવા  ઉપલબ્ધ થશે. આરામદાયક વોલ્વો બસમાં 47 મુસાફરો પ્રવાસ કરી શકશે.

NP/વિરલ રાણા

---

## હવામાન

જિલ્લામાં વાતાવરણીય વિષમતા ના પગલે રાત્રે ઠંડક બાદ દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થઈ રહેલ છે નલીયા આજે 13 ડિગ્રી લઘુતમ તાપમાન સાથે રાજ્યનું શિત મથક બન્યું હતું. તો બીજી તરફ જિલ્લા મથક ભુજમાં મહત્તમ તાપમાન 33 ડિગ્રી નોંધાયું હતું.

NP/ વિરલ રાણા

---